## જન્મદિને વધામણી



સુરેશભાઈ કચરાભાઈ પારેખ
મો. ૮૦૦૦૯૫૭૪૯૨



સૂર્યકાન્ત વી. ભટ્ટ



ગોવિંદભાઈ કા વાળંદ
મો. ૯૪૨૭૦૨૬૭૩૦

## અમદાવાદમાં યોજાશે 'સમય નજરાયો'

અમદાવાદ, તા. ૫

ઓમ કોમ્યુનિકેશન દ્વારા, સાહિત્યપ્રેમી મુકુંદ દવેના સહયોગથી તા. ૮મી જૂન, ૨૦૧૮ શુક્રવારના રોજ સાંજે ૫.૩૦ કલાકે, આત્મા હોલ, આશ્રમ રોડ, અમદાવાદ ખાતે, કવિ રામપ્રસાદ મોહનલાલ શુક્લના ૧૧૧મા જન્મદિવસ પ્રસંગે 'સમય નજરાયો' સાહિત્યિક વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું છે.

રામપ્રસાદ જીવન વિશે રામપ્રસાદના પુત્ર અભિવન શુક્લ વક્તવ્ય આપશે. તેમજ રામપ્રસાદની સમગ્ર સાહિત્યસૃષ્ટિ વિશે સમર્થ સાહિત્યકાર ચંદ્રકાન્ત શેઠ વક્તવ્ય આપશે. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કવિ મનીષ પાઠક 'શ્વેત' કરશે.

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. - સંપાદક

# વિશ્વ પર્યાવરણ દિવસની પૂર્વ સંધ્યાએ 'પનોતી પ્લાસ્ટીકની' નાટકનો કાર્યક્રમ યોજાયો





ગાંધીનગર, તા. ૫

ગુજરાત પર્યાવરણ પ્રબંધ સંસ્થાન (ગેમી) દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસની પૂર્વ સંધયાએ ''પનોતી પ્લાસ્ટીકની '' નાટકનો કાર્યક્રમ સ્વર્ણીમ પાર્ક ખાતે પર્યાવરણ રાજય મંત્રી શ્રી જયદ્રથસિંહ પરમારની ઉપસ્થિતિમાં યોજાયો હતો. ગેમી સંસ્થાનના પર્યાવરણના વૈજ્ઞાનિક ભાઈ – બહેનોએ પ્લાસટિક પર્યાવરણ માટે કેટલું નુકસાનકારક છે તે વિષયને સાંકળી લઈ સુંદર નાટક રજુ કર્યુ હતું. સંસ્થાના નિયામકશ્રી ડો. સંજીવ ત્યાગીએ સ્વાગત પ્રવચનમાં જણાવ્યું હતુ કે રાજયના મહાનગરો, નગરો, તાલુકા મથકો અને ગામડાઓ સ્વચ્છ અને પ્લાસ્ટિક મુકત બને અને આવનાર પેઢીને આ પ્લાસ્ટીકની પનોતીના અભિશાપમાંથી મુકિત અપાવીએ. ગુજરાતમાં પર્યાવરણની અસરોની સમસ્યા અને તેના ઉકેલ માટે ગેમી સંસ્થા અનેક કાર્યો કરે છે.

પર્યાવરણ રાજય મંત્રી શ્રી જયદ્રથસિંહ પરમાર, ગાંધીનગર મહાનગર પાલિકાના મેયરશ્રી પ્રવીણ પટેલ સહિત ગાંધીનગર શહેરનાં પ્રજાજનોએ પ્લાસ્ટિકની પનોતીના અભિશાપમાંથી મુકિત અપાવવાના સંદેશ સાથેનું આ નાટક નિહાળવા વિશાળ સંખ્યામાં શહેરીજનો ઉપસ્થિત રહયાં હતાં

# બ્રહ્માકુમારી સેવા કેન્દ્ર ખાતે પર્યાવરણ દિનની અનોખી ઉજવણી

ગાંધીનગર, તા. ૫

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિધાલય અને તેની ભગિની સંસ્થા રાજયોગા એજ્યુકેશન એન્ડ રીસર્ચ ફાઉન્ડેશનના વિભિન્ન ૨૦ પ્રભાગ પૈકીના એક એવા 'કૃષિ અને ગ્રામ વિકાસ' પ્રભાગ દ્વારા સેકટર-૨૮,ગાંધીનગર ખાતે આવેલ શિવશકિત ભવનના





પીસપાર્કમાં વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તો એક સુંદર કાર્યક્રમનું અનેરૂ આયોજન કરવામાં આવ્યું હતું

બ્રહ્માકુમારી વિધ્યાલયના સવારના રોજિંદા સત્સંગ કાર્યક્રમ રાજયોગ અને ગીતાજ્ઞાન- મૂરલીના અધ્યયન બાદ સવારે ૭.૦૦ વાગે વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તો સ્ટેજ કાર્યક્રમની શરૂઆત થઈ. પ્રારંભે આધ્યાત્મિક ગીતની સુરાવલી સાથે આપણા સૌના પ્યારાપરમપિતા નિરાકાર શિવ પરમાત્માને સાચા દિલથી યાદ અને આહવાન કરવામાં આવ્યું. સ્ટેજના મહેમાનોનું પુષ્પ ગુચ્છ અને દિલની ઉર્મીઓથી સ્વાગત અભિવાદન કરવામાં આવેલ. ત્યારબાદ સમયની સીમાને ધ્યાને રાખીને કાર્યક્રમના મુખ્ય મહેમાન ગાંધીનગરના ડિવિઝનલ ફોરેસ્ટ ઓફીસર ભ્રાતા અતુલભાઈ અમીને પોતાના ટુંકા પણ અસરકારક પ્રાસંગિક પ્રવચનમાં જણાવેલ કે પર્યાવરણને આપણે બગાડેલ છે તો તેને સુધારવાની જવાબદારી પણ આપણી છે. પ્લાસ્ટીક ઉપયોગથી થતાં નુકસાન અને ગંભીર પરિણામોથી સૌને તેમણે ચેતવેલ. આ પ્રસંગે ઉપસ્થિત આસીસ્ટન્ટ કન્ઝરવેટર ઓફ ફોરેસ્ટ ભ્રાતા દશરથભાઈએ પણ પર્યાવરણના જતનની મીઠી શિખામણ આપેલ. વન ખાતાના રેન્જ ફોરેસ્ટ ઓફીસર દેસાઈ સાહેબ અને ચૌધરી સાહેબે પણ મૌનની ભાષામાં પર્યાવરણ વિષે ઘણાં સારા વાયબ્રેશન આપેલ. જયારે ગાંધીનગર સેકટર-૨૮ સેવાકેન્દ્ર સંચાલિકા આદરણિય કૈલાશ દીદીજીએ આ પ્રસંગે પરમાત્મા તરફથી આશીર્વચન આપતાં જણાવેલ કે આપણે જે વૃક્ષ વાવીએ તેનું જતન પણ આપણે કરવું ખૂબ જ જરૂરી છે. આ પ્રસંગે સ્ટેજ પર ઉપસ્થિત ગાંધીનગર સેકટર-૨૮ના કોર્પોરેટર ભગિની હર્ષાબા ધાંધલે પણ સમાજ સેવાના પોતાના અનેરા ઉમંગ ઉત્સાહથી જ પર્યાવરણ વિષે શ્રોતાઓને ઘણુ બધુ કહી દીધેલ. કાર્યક્રમના અંતિમ ચરણમાં સૌને સામુહિક પ્રતિજ્ઞા લેવડાવેલ કે,

'આજના વિશ્વ પર્યાવરણ દિવસે અમે દ્રઢતા પૂર્વક પ્રતિજ્ઞા લઈએ છીએ કે,

(૧) અમો વૃક્ષારોપણ કરી તેનું જતન અવશ્ય કરીશું.

(૨) ઓવરહેડ વોટર ટેન્કમાં સેન્સર મુકાવી વહી જતાં પાણીનો વ્યય અટકાવીશું.

(૩) ભીનો અને સુકો કચરો અલગ-અલગ કરીશું.

(૪) પ્લાસ્ટીક બેગ, બોટલ, પાઉચ અને રેપર્સનો વપરાશ બંધ કરીશું.

(૫) લોકોને પર્યાવરણ પ્રત્યે જાગૃત કરીશું.''

પ્રતિજ્ઞા બાદ સ્ટેજના મહેમાનોને શિવબાબાની



યાદગાર ઈશ્વરીય ભેંટ સોગાત આપવામાં આવેલ. તતપશ્ચ?યાત કેપિટલ ઓફસેટસના માલિક અને કેપિટલ વર્તમાન દૈનિકના તંત્રી ભ્રાતા રમેશભાઈ પટેલે સંસ્થા વતી આભાર વિધી કરેલ. અને આખરે આમંત્રિત મહેમાનો અને દીદીજીના હાથે કાર્યક્રમમાં આવેલ સૌ ભાઈ બહેનોને એક એક છોડ તેમના નિવાસ સ્થાને વૃક્ષારોપણ અને તેના જતન માટે વિનામૂલ્યે વિતરણ કરવામાં આવેલ. આ કાર્યક્રમથી ૧૫૦ જેટલાં ભાઈ બહેનો લાભાંવિત થયેલ. સ્ટેજ કાર્યક્રમ બાદ સૌ મહેમાનોના હાથે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.


# ગાંધીનગરનો ફુન્સુક વાંગ્ડુ એવો ટેકનોલોજીનો એક્કો 'ગર્વ ઠક્કર'


## ૧૫ વર્ષના કિશોરને ભવિષ્યમાં પોતાની આઈ.ટી. કંપની ખોલવી છે

ગાંધીનગર, તા. ૫

થોડા વર્ષો પહેલા આવેલી ફિલ્મ '૩ ઈડિયટ્સ'નું પાત્ર ફુન્સુક વાંગ્ડુ તો તમને યાદ જ







હશે. ટેકનોલોજી ફ્રેન્ડલી અને સતત ટેકનોલોજીના વિશ્વમાં રાચતો ગાંધીનગરનો ફુન્સુક વાંગ્ડુ એટલે ગર્વ ઠકકર. ૧૫ વર્ષનો ગર્વ અત્યાર સુધીમાં ૩ડી પ્રિન્ટર, ડૉરલોક, ડ્રોન, રોબોકાર, મેગ્નેટીક સુઝ તેમજ પોતાનું કમ્પ્યુટર બનાવી ચૂક્યો છે. આ ઉપરાંત, ભવિષ્યમાં પોતાની આઈ.ટી. કંપની ખોલવાનું તેનું સ્વપ્ન છે.




ગર્વના પિતા ઈન્ફોસિટી ખાતે દવાની દુકાન ચલાવે છે. તથા માતા કલોલ ખાતા આયુષ મેડિકલ ઑફિસર તરીકે ફરજ બજાવે છે. ગર્વ બીજા ધોરણમાં અભ્યાસ કરતો હતો ત્યારે આ દંપત્તિએ તેને લેપટોપ લાવી આપ્યું હતું, જેનો ઉપયોગ તે ગેમ્સ રમવા માટે કરતો હતો.

છઠ્ઠા ધોરણમાં અભ્યાસ કરતો ગર્વ હોલીવુડ ફિલ્મ 'એવેન્જર્સ'ના પાત્ર ટોની સ્ટાર્કથી ખૂબ જ પ્રભાવિત થયો. કરાટે, ક્રિકેટ, ફૂટબોલ, તેમજ સ્કેટિંગમાં રસ ધરાવતો કિશોર 'આર્ટીફિશીયલ' ઈન્ટેલિજન્સમાં રસ લેતો થઈ ગયો. ગર્વએ 'જાર્વિસ' નામનો પોતાનો સોફ્ટવેર પ્રોગ્રામ બનાવ્યો જેની સાથે તે વાચતીચ કરતો તેમજ કમાન્ડ આપીને પોતાનું કામ કરાવતો. બાળપણથી જ તે ટેકનોલોજી ક્ષેત્રે અવ્વલ હોવાથી કોઈ પણ ઈલેકટ્રોનિક ઉપકરણ રિપેર કરી આપતો હતો. નવમાં ધોરણમાં ગર્વ વિક્રમ સારાભાઈ ઈન્સ્ટિટયુટ ખાતે શાળાના પ્રોજેક્ટસ વિષયે શીખવા જતો હતો.

વર્ષ ૨૦૧૭માં 'વિજ્ઞાન દિન' નિમિત્તે યોજાયેલી સ્પર્ધામાં ગર્વએ પોતાના ૪ પ્રોજેક્ટસ - ઓટોમેટિક ડોરલોક, ડ્રોન, ૩ડી પ્રિન્ટેડ મેગ્નેટીક શુઝ તેમજ બ્યુટુથ કંટ્રોલન્ડ રોબોર કાર પ્રદર્શિત કર્યા હતા. આ ઉપરાંત, ગર્વએ પાલજ ખાતે આવેલી આઈ.ડી.આર.એલ. કૉલેજમાં રૂબિક ક્યુબ સ્પર્ધામાં પણ ભાગ લીધો હતો. સંસ્થાએ તેની ક્ષમતાથી પ્રભાવિત થઈને ડ્રોનરેસિંગ સ્પર્ધાનું ઉદ્‌ઘાટન ગર્વના હાથે કરાવ્યું હતું. ગર્વએ પિતાની દવાની દુકાનમાં ૧૨,૦૦૦ રૂા.ની કિંમતના સોફ્ટવેર કલોન કરી આપ્યા હતા. ગર્વએ પોતાની એન્ડ્રોઈડ સિસ્ટમ બનાવી છે તેમજ તે ઓપરેટિંગ સિસ્ટમ અને કમ્પ્યુટર ગેમ્સ પણ બનાવી શકે છે.

૧૫ વર્ષનો ગર્વ ઠક્કર સ્વભાવે મળતાવડો છે તથા લોકોને જરૂર પડ્યે મદદ કરતો રહે છે. આખો દિવસ પોતાના રૂમ રહીને ઈનોવેશન કરતાં ગર્વનો હમણાં જ નોજર પૉલીપનું ઓપરેશન કરાવવું પડ્યું છે. આ કારણથી તેના પિતાએ ગર્વનાં માતાપિતા ઈચ્છે છે કે આવા ઈનોવેટિવ કાર્યો કરતો રહે અને ભવિષ્યમાં પોતાની આઈ.ટી. કંપની ખોલવાનું તેનું સ્વપ્ન પૂરું કરે.







# જેટલા પશુઓ તેટલા વૃક્ષો, મધુર ડેરીનો પર્યાવરણ મંત્રઃ ડૉ. શંકરસિંહ રાણા

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ (મધુર ડેરી) દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસની અનોખી ઉજવણી કરી હતી. ગામની દૂધ સહકારી મંડળીઓને પર્યાવરણ જતન માટે જાગ્રુત અને પ્રોત્સાહન આપવા '' મધુર પર્યાવરણ પર્વ'' ની પહેલ શરૂ કરી છે.

આજ રોજ સરઢવ દૂધ સહકારી મંડળી ખાતે કાર્યક્રમનો શુભારંભ કરાવતા મધુર ડેરીના ચેરમેનશ્રી ડૉ. શંકરસિંહ રાણાએ તમામ સભાસદોને પશુ પ્રેમની સાથે સાથે પર્યાવરણપ્રેમી બનવાનો સંદેશ આપ્યો હતો. ગામના આગેવાનો, મંડળીના ચેરમેનશ્રી, મહિલા આગેવાનો સૌને તુલસીનો છોડ પ્રતિક સ્વરૂપે અર્પણ કરી મંડળીની આજુબાજુ વધુ વ્રુક્ષો વાવવા અને ઘરની આજુબાજુ પણ વ્રુક્ષો વાવી, પાણીનો બચાવ કરી પર્યાવરણનું જતન કરવા અપિલ કરી હતી. પર્યાવરણ જતન માટે પાંચ સિધાંતો અને કામગીરીનો ઉલ્લેખ કરતી ''મધુર મંડળીની પર્યાવરણ નિતિ'' નો સમજણપૂર્વક અમલ કરવા જણાવ્યુ હતુ.





ગામની સુખાકારી માટે સરકારના પ્રયાસો અને કાર્યક્રમોમાં સહભાગી થઇ જળ જમીન અને જંગલના જતન માટે મંડળીના આગેવાનોએ આયોજન કરવા પણ અનુરોધ કર્યો હતો. ડૉ. રાણાએ મધુર ડેરીના ''ઝીરો તમાકુ ઝોન''નું ઉદાહરણ આપતા ઉમેર્યુ હતુ કે મધુર ડેરીના કર્મચારીઓએ મધુર ડેરીમાં તમાકુ/પાન/મસાલા/બીડી જેવા વ્યસનો વિરુધ્ધ્નું અભિયાન હાથ ધર્યુ છે ત્યારે ગામની મંડળી ઉપર પણ દુઉધ ભરવાના સમયે અને મંડળીની મુલાકાત દરમિયાન તમાકુ નિષેધનો નિયમ લાવે તો ગુણવત્તાયુક્ત ગાંધીનગરનો સંકલ્પ સાચા અર્થમાં સાર્થક બને.

સરઢવ મંડળીના આગેવાન અને ગાંધીનગર તાલુકા પંચાયતના સદસ્ય દિલિપભાઇ અને મંડળીના ચેરમેનશ્રી ગિરિશભાઈએ મધુર ડેરીની આ પહેલને બિરદાવી હતી. આગામી ચોમાસામાં વ્રુક્ષારોપણ અને સ્વચ્છતા બાબતે આયોજન કરી પર્યાવરણ પર્વના હેતુને સાર્થક કરશે એમ પણ જણાવ્યુ હતુ. મધુર ડેરીના દૂધ સંપાદન વિભાગ દ્વારા આ અભિયાન હેઠળ કુલ દશ મંડળીઓમા આ રીતે પર્યાવરણ જાગ્રુતિ કાર્યક્રમ હાથ ધરવામાં આવશે.

# કારકિર્દી વિષયક પ્રશ્નોનું નિરાકરણ એટલે 'ધ કરિયર કોર્નર'!

**ધ કરિયર કોર્નર!**
**હાર્દિક કે. પરીખ**

જીવનના અલગ અલગ પડાવ પર જાત જાતના કારકિર્દી વિષયક પ્રશ્નો થાય એ સ્વાભાવિક છે અને આ દરેક પ્રશ્નોનું નિરાકરણ કરીને કોઈને કોઈ નિર્ણય દરેક વ્યક્તિ લે છે અને પોતાની કારકિર્દીની દિશા નિર્ધારિત કરે છે. પણ આ નક્કી કરેલી દિશા સચોટ હોવી ખૂબ જ અગત્યની બાબત છે. આ દિશા સચોટ તો બની જ શકે જો જે તે દિશા વિષેની અઢળક માહિતીનો ખજાનો આપણી પાસે હોય. માત્ર નિર્ણય લેવા કરતા માહિતી આધારિત નિર્ણય લેવાથી આખી જિંદગી ને અલગ દિશા મળી જાય છે. અને માહિતીનો ખજાનો તો જ મળે જો પ્રશ્નો પૂછવાનું સ્થાન મળે. ધોરમ - ૧૦ પછી મારી દીકરી ને આટ્‌ર્સ લેવડાવું કે સાયન્સ ? બી.ઈ. પછી એમ.ઈ. કરવું કે એમ.બી.એ.? ધોરણ-૧૨ માં ૯૫% આવ્યા પછી મારી દીકરી કહે છે કે ડૉકટર નથી બવું - તો શું કરવું ? ભારત સરકારની નોકરી માટેની સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે તૈયારી કેવી રીતે શરું કરું ? આ બધા પ્રશ્નોના ઉત્તર ઘરે બેઠા કોઈ એક્સપર્ટ આપે તો કેવું ?

પ્રશ્ન-૧ મારુ નામ રોહન છે. હું કે.વી સેક્ટર-૩૦ માં અભ્યાસ કરું છુ. આગળ મારે Law માં કારકીર્દિ બનાવવી છે. તો એ વિષયક થોડી જાણકારી આપવી.



રોહન નાઈક
12th C (Arts.)
KV-1, Sector-30

જવાબ - રોહન તમે ખરેખર સરસ દિશા માં વિચારી રહ્યા છો. ગુજરાત માં અને એ પણ ગાંધીનગર માંજ ભારત ની એક ખૂબ પ્રખ્યાત લૉ કોલેજ સ્થિત છેઃ GNLU (ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટી). આ ઉપરાંત NLU - બેંગ્લોર, હૈદ્રાબાદ, જોધપુર,ભોપાલ વગેરે..એમ મળી ને કુલ ૨૦ NLU પૂરા ભારત માં છે. ધોરણ -૧૨ પછી CLAT (કોમન લો એડમિશન ટેસ્ટ) આપવી પડે છે. આ પરીક્ષા કુલ ૨૦૦ માર્ક્સ ની હોય છે.જેમાં જનરલ નોલેજ (૫૦ માર્ક્સ), લૉ વિષયક નૉલેજ(૫૦ માર્ક્સ), અંગ્રેજી(૪૦ માર્ક્સ), તાર્કિક પ્રશ્નો (૪૦ માર્ક્સ) અને ગણિત(૨૦ માર્ક્સ) નું પૂછાય છે. આ પરીક્ષા ઓનલાઈન લેવામાં આવે છે. ૧૧૦ સુધી માર્ક્સ મેળવો તો કોઈ સારી **NLU** માટે કટ-ઓફ ક્લિયર થઈ જાય છે. **CLAT** ઉપરાંત AILET, SLAT, IPCET, MH-CET, LSAT-India જેવી બીજી ઘણી બધી નેશનલ લેવલ ની પરીક્ષાઓ **Law** માટે લેવામાં આવે છે.

પ્રશ્ન- ૨ મારુ નામ અનન્યા છે.હું કે.વી સેક્ટર-૩૦ માં અભ્યાસ કરું છું. હું ૧૨ માં ધોરણ પછી અપાતી સ્પર્ધાત્મક પરીક્ષાઓ માં લેવાતા PI થી મને ખૂબ ડર લાગે છે. તો હું એ કેવી રીતે દૂર કરી શકું?



અનન્યા બરુઆ
**12th B (Sci.)**
**KV-1, Sector-30**

જવાબ- PI એટ્‌લે 'પર્સનલ ઈન્ટરવ્યુ'. કોઈ પણ સ્પર્ધાત્મક પરીક્ષા માં પાસ થવા માટે PI એ ખૂબ અગત્યનું સ્ટેજ છે.ઉચ્ચ અભ્યાસની સ્પર્ધાત્મક પરીક્ષા હોય કે નોકરી વિષયક સ્પર્ધાત્મક પરીક્ષા –લેખિત ક્લિયર કર્યા પછી આગલું પગથિયું એ **'PI'** . બિલકુલ ડર રાખ્યા વગર એક વાત મગજ માં સમજી લેવી કે, ઈન્ટરવ્યુ એક પ્રોસેસ છે જેમાં ઈન્ટરવ્યુ લેનાર વ્યક્તિ તમને ઓળખી શકે. ખૂબ જ સ્વસ્થતાપૂર્વક અને આત્મવિશ્વાસ સભર વાત કોઇ ની પણ સામે મૂક્વામાં આવે તો એ કોઈને પણ જરૂર પસંદ પડે. વાત કરતી વખતે જો મગજ માં કોઇ શંકા નહી હોય તો વાત વધુ સારી રીતે રજૂ કરી શકશો. આત્મવિશ્વાસ તો જ તમારી વાતમાં આવશે જો તમારું મગજ શંકારહિત હશે. મગજ શંકારહિત તો જ હોય જો પૂરતું જ્ઞાન હોય. જ્ઞાન નિયમિત અભ્યાસ થી આવે. તમે જે વિષયમાં અભ્યાસ કરો છો એ અને કરન્ટ અફેર્સ વિષે ખૂબ સચોટ માહિતિ રાખવી જોઈએ. તમારું **GK** સુધારવા તમે www.paridhihardik.blogspot.in નિયમિત વાંચશો તો તમને ફાયદો થશે, ડર દૂર થશે અને આત્મવિશ્વાસ વધશે.

પ્રશ્ન-૩ મારું નામ રોહિત ચૌહાણ છે. મેં B.Sc અભ્યાસ કરેલ છે.મારે **Banking** ક્ષેત્ર માં જોબ મેળવવી છે.તો તેની પરીક્ષાઓ વિષે માહિતિ આપવી.



રોહિત ચૌહાણ
**B.Sc**
સે-૬, ગાંધીનગર

જવાબ- રોહિત, તમારા માટે બેંકિગ ક્ષેત્રમાં જવું માત્ર શક્ય જ નથી પરંતુ તમારા ઉજ્જવળ ભવિષ્ય તરફ દોરી જનારું પણ છે. હાલમાં ઘણા બધા વિદ્યાર્થી ઓ કે જેમણે BSc કર્યુ છે તેઓ બેંકિંગ ક્ષેત્રમા આગળ વધી રહ્યા છે. ગણિત અને તર્કશાસ્ત્ર સરકારી બેંકની પરીક્ષાનો એક અભિન્ન અંગ છે. BSc ના વિદ્યાર્થીઓમાં વિશ્લેષણની આવડ્‌ત હોય છે જે ખૂબજ ઉપયોગી છે. સરકારી બેંકમા જવા માટે u IBPS, SBI, RBI દ્વારા લેવાતી પરીક્ષઓમાં ઉત્તીર્ણ થવું પડે છે. આ પરીક્ષાઓ મુખ્ય રીતે **PO** (પ્રોબેશનરી ઓફિસર), **Clerk** (ક્લર્ક), **So** (સ્પેશ્યાલિસ્ટ ઓફિસર), **RRB** (ગ્રામિણબેંક)ની **PO** અને **Clerk** ની જગ્યાઓ માટે લેવાતી હોય છે. જૂન અને જુલાઈ માં **SBI Clerk** અને **SBI PO** ની પરીક્ષઓ આવી રહી છે. **IBPS PO/IBPS , RRB PO/IBPS Clerk/ IBPS RRB Clerk** સપ્ટેમ્બર થી ડિસેમ્બર દરમિયાન આવશે. મોટા ભાગ ની બેન્કિંગ ક્ષેત્ર ની પરીક્ષાઓ બે હિસ્સાઓ માં વિભાજીત છે. પ્રથમ પગથિયું 'પ્રીલીમ' એન્ડ બીજું પગથીયું 'મેઈન્સ'. પ્રીલીમ માં પાસ થયા પછી જ મેઈન્સ ની પરીક્ષા આપી શકાય. મેઈન્સ માં પાસ થયા પછી **SBI** જેવી પરીક્ષામાં **GD** (ગ્રુપ ડિસ્કશન) અને પર્સનલ ઈન્ટરવ્યૂ **(PI)** નુ આગવું મહત્વ છે.

આપના કરિયર ને લગતી મૂંઝવણો અને પ્રશ્નો **What's aap** કે **Email** દ્વારા પૂછી શકો છો.

Email ID- questions.careercroner@gmail.com

મો. ૮૮ ૪૯ ૨૨ ૧૬ ૫૩

નોંધ – તમારા પ્રશ્નો સાથે તમારુ નામ,ઉંમર, અભ્યાસ, Email-ID અને મોબાઈલ નંબર લખવો આવશ્યક છે.